નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆરઈ/
વિતરણ/પોલીસી ૧(૯)/૩૨૬
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
ઉદ્યોગ ભવન, વડી કચેરી ગાંધીનગર.
તા.૨૪-૦૬-૨૦૧૦.

:—: પ રિ પ ત્ર :—:

વિષય: <u>ગાંધીનગર વિજાણુ વસાહતમાં ઈલેકટ્રોનિકસ હાર્ડવેર ઉપરાંત આઈ.ટી. અને આઈ.ટી.ઈ.એસ. ને લગતા એકમો સ્થાપવા માટે મંજુરી આપવા બાબત.</u>

ગાંધીનગર ખાતે વિજાણુ ઉધોગોની સ્થાપનાને પ્રોત્સાહન આપવા સારુ મકાન અને માર્ગ વિભાગ તરફથી તા.૨૫-૯-૮૧ અને તા.૧૭-૭-૮૨ ના ઠરાવોથી ખાસ વિજાણુ ઉધોગો માટે નિગમને અંદાજે ૨૪૬ હેકટર જમીન તબદીલ કરવામાં આવી હતી. નિગમની તા.૧૦-૦૨-૨૦૦૫ ના રોજ મળેલી ૪૧૯ મી બેઠકમાં લેવાયેલ નિર્ણય મુજબ ગાંધીનગર વીજાણુ વસાહતમાં ફકત વિજાણુ(ઈલેકટ્રોનીક) પ્રકારના પ્રદુષણ મુક્ત (નોન પોલ્યુટીંગ ઈન્ડસ્ટ્રીઝ) ઉધોગો સ્થાપી શકાય.

કેન્દ્ર સરકારે એસ.ઈ.ઝેડ. માટે ઈલેકટ્રોનીકસ, આઈ.ટી. અને આઈ.ટી.ઈ.એસ. ઉદ્યોગોને એકજ સેકટરમાં સમાવેશ કરેલ છે. જેથી તેજ ધોરણે ગાંધીનગર ઈલેકટ્રોનીક વસાહતમાં બીન પ્રદુષિત ઈલેકટ્રોનિકસ હાર્ડવેર ઉપરાંત આઈ.ટી. અને આઈ.ટી.ઈ.એસ. ઉધોગોને પણ પરવાનગી આપવા બાબતે નિગમની તા.૦૯-૦૬-૨૦૧૦ ના રોજ મળેલ ૪૪૯ મી સભા સમક્ષ કાર્યસુચિ ક્રમાંક.૧૯/વિતરણ/૪૪૯ સાદર કરવામાં આવેલ. જેના ઠરાવ ક્રમાંક.૮૭/વિતરણ/૪૪૯/૨૦૧૦ મુજબ નિગમની ગાંધીનગર વિજાણું વસાહતમાં ઈલેકટ્રોનિકસ હાર્ડવેર ઉદ્યોગ ઉપરાંત રાજય સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ ધ્વારા ઈન્ફર્મેશન ટેકનોલોજી (આઈ.ટી.) તથા આઈ.ટી. ઈનેબલ સર્વીસીસ (આઈ.ટી.ઈ.એસ) માં સમાવિષ્ટ ઉદ્યોગોની યાદી <u>એપેન્ડીક્ષ-૧ તરીકે</u> બીડાણ <u>રાખેલ છે</u> તે મુજબ આઈ.ટી. અને આઈ.ટી.ઈ.એસ. ક્ષેત્રના પ્રદુષણ મુકત ઉધોગો તેમજ સોલાર પેનલનું ઉત્પાદન કરતા બીન પ્રદુષિત ઉદ્યોગો સ્થાપવાની પરવાનગી આપવામાં આવેલ છે.

જેથી હવે ગાંધીનગર વિજાણું વસાહતમાં <u>(૧)</u> ઈલેકટ્રોનીકસ હાર્ડવેર <u>(૨)</u> આઈ.ટી. (૩) આઈ.ટી.ઈ.એસ. તેમજ (૪) સોલાર પેનલ નું ઉત્પાદન કરનાર ક્ષેત્રે બીન પ્રદુષિત ઉદ્યોગો સ્થાપી શકાશે. હયાત એકમો પણ ઉપર મુજબના ઉદ્યોગોમાં કાર્યરત થઈ શકશે. આ ક્ષેત્રોમાં કયા કયા પ્રકારના ઉદ્યોગોનો સમાવેશ થાય છે તે માટે રાજય સરકારના સાયન્સ અને ટેકનોલોજી વિભાગ ધ્વારા વખતો વખત બહાર પાડેલ યાદી આખરી ગણાશે.

<u>બિડાણ:- ઉપર મુજબ.</u>

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ.
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.

G M (ALT/HM) (પા છ ળ)

નકલ રવાના.

- પ્રમુખશ્રી,ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન,અમદાવાદ તરફ જાણ તેમજ તમામ વસાહતોના માન્ય ઔદ્યોગિક મંડળોના પ્રમુખશ્રીઓ તરફ જાણ સારૂ.

- મદદનીશ મેનેજર, વીસી એન્ડ એમડી (સેલ) જી.આઈ.ડી.સી. વડી કચેરી, ગાંધીનગર તરફ સદર પરિપત્ર નિગમની વેબસાઈટ ઉપર દર્શાવવાની કાર્યવાહી કરવા સારૂ.

રવાના કર્યુ

કાર્યપાલક નિયામક (ડ ઓન્ડ ઓ)